ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર – ૧૦ એ,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.

## પરિપત્ર

વિષય:- જોખમી કચરો (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમો, ૨૦૧૬ માં ઓથોરાઇઝેશન અંગેની ફી નક્કી કરવા બાબત.

વંચાણે લીધો:- વડી કચેરી પત્રાંક: ગુપ્રનિબોર્ડ-લીગલ-જન-૬૭(૨)/૨૬૯૩૯, તા. ૦૮/૦૯/૨૦૦૩.

પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જોખમી કચરા (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમ, ૧૯૮૯ ઘડવામાં આવેલ છે. તાજેતરમાં અમલમાં આવેલ જોખમી કચરાના સુધારેલ નિયમો – ૨૦૧૬ માં ઓથોરાઇઝેશન આપવા માટે લેવાની ફી બાબતે કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. તા. ૦૫/૦૨/૨૦૧૮ ના રોજ મળેલ બોર્ડ બેઠક ક્રમાંક – ૨૩૩ સાથે બીડેલ પરિશિષ્ટ (Processing Fees for CCA under Hazardous Waste Rules, 2016) માં જણાવ્યા મુજબ ફીના દર રાખવાનું સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યુ છે.

આ પરિપત્ર પ્રસિધ્ધ થયાની તારીખથી આ સાથે બીડેલ પરિશિષ્ટ મુજબ ફી લેવા સબંધકર્તા સૌને આથી જાણ કરવામાં આવે છે.

(કે. સી. મીસ્ત્રી)
સભ્ય સચિવ

બિડાણ: ઉપર મુજબ.
નં. ગુપ્રનિબોર્ડ/વીઆરજી/સી-૫/૨૦૧૫/ 470323 29 SEP 2018

નકલ રવાના:

1. માનનીય અધ્યક્ષશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, વડી કચેરી, ગાંધીનગર.
2. માનનીય સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, વડી કચેરી, ગાંધીનગર.
3. તમામ યુનિટ હેડશ્રી, ગુપ્રનિબોર્ડ, વડી કચેરી, ગાંધીનગર.
4. તમામ તકેદારી અધિકારીશ્રી, તમામ તકેદારી કચેરી, ગુપ્રનિબોર્ડ.
5. તમામ પ્રાદેશિક અધિકારીશ્રી, તમામ પ્રાદેશિક કચેરી, ગુપ્રનિબોર્ડ.
6. મુખ્ય વહિવટી અધિકારીશ્રી, ગુપ્રનિબોર્ડ, વડી કચેરી, ગાંધીનગર.
7. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, ગુપ્રનિબોર્ડ,વડી કચેરી, ગાંધીનગર.
8. કાયદા શાખા, ગુપ્રનિબોર્ડ,વડી કચેરી, ગાંધીનગર.
9. સિલેક્ટ ફાઇલ.

## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર

તા. ૦૫/૦૨/૨૦૧૮ ના રોજ મળેલ બોર્ડ બેઠક ક્રમાંક – ૨૩૩ ની કાર્યસૂચિ ક્રમાંક: ૧૪/૨૦૧૮ ની કાર્યનોંધ સાથેનું બીડાણ

### <u>પરિશિષ્ટ</u>

**વિષય:-** જોખમી કચરો (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમો, ૨૦૧૬ માં ઓથોરાઇઝેશન અંગેની ફી નક્કી કરવા બાબત.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના, પાણી અધિનિયમ, ૧૯૭૪ ની કલમ -૪ મુજબ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ બોર્ડ એક સ્વાયત્ત બોર્ડ છે અને તેને કોમનસીલ આપવામાં આવેલ છે. આ બોર્ડ પોતાનું ફંડ ઉભું કરશે અને આ ફંડમાંથી બોર્ડે કરવાની તમામ ચુકવણીઓ કરશે તેવી જોગવાઇ પાણી અધિનિયમ, ૧૯૭૪ની કલમ ૩૭ માં કરવામાં આવેલ છે. પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જોખમી કચરા (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમ, ૧૯૮૯ ઘડવામાં આવેલ છે. તાજેતરમાં અમલમાં આવેલ જોખમી કચરાના સુધારેલ નિયમો – ૨૦૧૬ માં ઓથોરાઇઝેશન આપવા માટે લેવાની ફી બાબતે કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. આથી જોખમી કચરાના નિયમો,૧૯૮૯ હેઠળ આપવાના થતા ઓથોરાઇઝેશન માટે કરવાની કામગીરી તથા વહીવટી ખર્ચને પહોંચી વળવા બોર્ડને પ્રોસેસીંગ ફી તેમજ વહીવટી ખર્ચની ફી ના રૂપમાં આવક ઉભી થાય તે જરૂરી છે. આથી બોર્ડનું ઓથોરાઇઝેશન મેળવવા માટેની અરજીની પ્રોસેસીંગ ફીના દર નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>જોખમી કચરાના નિયમો, ૨૦૧૬ હેઠળ સીસીએ માટેની પ્રોસેસીંગ ફી</u>**

| ક્રમ | વર્ગ | રેડ કેટેગરી માટેની ફી રૂપિયા/વર્ષ | ઓરેંજ કેટેગરી માટેની ફી રૂપિયા /વર્ષ | ગ્રીન કેટેગરી માટેની ફી રૂપિયા /વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | જોખમી કચરાના અંતિમ નિકાલની વ્યવસ્થા (ટી.એસ.ડી.એફ.) | ૨૦,૦૦૦ | -- | -- |
| ૨ | કચરાના સંયુક્ત ઇન્સીનરેશન પ્લાન્ટ, એમઇઇ, સ્પ્રે ડ્રાયર. | ૧૦,૦૦૦ | -- | -- |
| 3 | લઘુ ઉદ્યોગ (કોઇપણ વર્ગ) | ૪,૦૦૦ | 3,૦૦૦ | ૨,૦૦૦ |
| ૪ | મધ્યમ ઉદ્યોગ | ૫,૦૦૦+૨,૦૦૦ પ્રતિ વર્ગ | ૫,૦૦૦+૧,૫૦૦ પ્રતિ વર્ગ | ૫,૦૦૦+૧,૦૦૦ પ્રતિ વર્ગ |
| ૫ | મોટા ઉદ્યોગ | ૫,૦૦૦+૨,૫૦૦ પ્રતિ વર્ગ | ૫,૦૦૦+૨,૦૦૦ પ્રતિ વર્ગ | ૫,૦૦૦+૧,૫૦૦ પ્રતિ વર્ગ |